# અરવલ્લી જ્યુડિશ્યલ જિલ્લો જાહેર

મોડાસા, તા. ૧૭

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે અરવલ્લિ જિલ્લાને જ્યુડિશ્યલ જિલ્લો જાહેર કરતાં જમાવ્યું હતું કે રાજ્યના દરેક જિલ્લાઓમાં અદ્યતન સુવિધા સાથેના કોર્ટ ભવનોના નિર્માણનું વ્યાપક આયોજન રાજ્ય સરકારે કર્યું છે.

શ્રીમતી આનંદીબહેને અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસામાં ગુજરાત વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટીસ આર. સુભાષ રેડ્ડી અને કાયદામંત્રી પ્રદિપસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં જિલ્લા ન્યાયાલયનો પ્રારંભ તથા નવા ભવનનો શિલાન્યાસ સંપન્ન કર્યો હતો.

અરવલ્લી જિલ્લા અદાલતનું આ ભવન રૂ. ૪૦.૭૫ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાઓ સાથે નિર્માણ પામવાનું છે. મુખ્યમંત્રીએ નવા જિલ્લાઓમાં જિલ્લા તાલુકા સેવા સદન અને કોર્ટ સંકુલોમાં સામાન્ય નાગરીકોની સુવિધા-સુખાકારી ધ્યાને રાખીને ભવનોની આધુનિક ડિઝાઈન કરી છે તેમ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, ન્યાયપાલિકા કે શાસનકર્તા બન્નેનું દાયિત્વ નાગરીકકેન્દ્રી હોય તે આવશ્યક છે.



૨૦૧૩માં જે નવા સાત જિલ્લા તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાર્યરત કરાવ્યા છે. તે જિલ્લાઓમાં નવા અદાલત ભવનો અને તે જિલ્લાઓને જ્યુડીશ્યલ જિલ્લા જાહેર કરવાની શ્રૃંખલામાં અરવલ્લીને જ્યુડિશ્યલ જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે.

આ નવરચિત જિલ્લાઓમાં સમગ્રતયા ૩૬૦ કરોડના ખર્ચે જિલ્લા-તાલુકા સેવાસદનોના નિર્માણનું કાર્ય પણ રાજ્ય સરકારે ઉપાડ્યું છે.

ગુજરાત વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટીસ આર. સુભાષ રેડ્ડીએ રાજ્યની કાનૂની આંતરમાળખાકીય સુવિધાઓની વૃદ્ધિમાં મુખ્યમંત્રી અને કાયદા મંત્રી જે રસ લઈ રહ્યા છે તેની પ્રશંસા કરી હતી.

# પ્રાંતિજ નગરપાલિકામાં કરોડોના સરકારી વાહનો શોભાના ગાંઠીયા

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ગુજરાત સરકાર દ્વારા નગર પાલિકાને વિવિધ યોજના અંતર્ગત કરોડો રૂપિયાના ફાળવવામાં આવેલ વાહનો નગરપાલિકાના આયોજન વગર ધૂળ ખાય છે અને હાલ નગરપાલિકા ડૉ આંબેડકર શોપિંગ આગળ પાર્ક કરેલા હોવાથી પાછળની દુકાનો ઢંકાઈ ગઈ છે અને પ્રાંતિજ નગરપાલિકા દ્વારા આ કરોડોના વાહનોનો ઉપયોગ એક દિવસ માટે પણ કરવામાં આવ્યો નથી અને હાલ તો આ કરોડો રૂપિયાના વાહનો શોભાના ગાંઠીયા સમાન છે.

પ્રાંતિજ નગરપાલિકામાં ગુજરાત સરકાર દ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા નગરની સફાઈ સ્વચ્છતા ને ધ્યાને લઈને વિવિધ પ્રકારના કરોડો રૂપિયાના મોટા વાહનો પ્રાંતિજ નગરપાલિકામાં આપવામાં આવ્યા છે પણ નગરપાલિકા દ્વારા આ કરોડો રૂપિયા ખર્ચવામાં આવેલ વાહનોનો ઉપયોગ આજદિન સુધી કરવામાં આવ્યો નથી અને વાહનો ભાખરીયા બસ સ્ટેશન પાસે આવેલ નગરપાલિકા શોપિંગ આગળ ઉભા કરી દેતા પાછળ આવેલ દુકાનો ઢંકાઈ ગઈ છે અને આજદિન સુધી આ વાહનો ઉપયોગ ના થતાં માત્ર શોભાના ગાંઠીયા સમાન છે અને નગરપાલિકા દ્વારા સરકાર તરફથી જે હેતુ માટે આપવામાં આવેલ વાહનોનો ઉપયોગ થતો નથી.



જયારે પ્રાંતિજ નગરપાલિકા દ્વારાને સરકાર દ્વારા આપવામાં આવેલ વિવિધ વાહનોનો ઉપયોગ કરવામાં આવે તો જ સરકારનાં કરોડો રૂપિયાના આપવામાં આવેલ વાહનોનો ધ્યેય સાર્થક થશે નહી તો બસ હોતા હે મત ચલતા હે ની સ્થિતિ હાલ તો જોવા મળી રહી છે.

# પ્રાંતિજ ટોલનાકા પાસે અકસ્માતમાં બે ના મોત

## ત્રણને ઈજાઓ થતા વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામા આવ્યા

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કતપુર પાટીયા પાસે હિંમતનગર તરફથી અમદાવાદ તરફ જતી કાર સામે અચાનક પાગલ યુવક આવી જતા ટક્કર બાદ કાર ચાલકે કાબુ ગુમાવતા કાર રોડની સાઈડમાં લગાવેલ ભારતીય રાષ્ટ્રીય રાજ માર્ગના હોર્ડીંગ બોર્ડને અથડાતા બે ના મોત થયા હતા.



પ્રાંતિજના કતપુર પાટીયા પાસેથી વહેલી સવારે હિંમતનગર બાજુથી આવતી કાર નંબર જીજે ૧૮.બીએ.૫૫૧૧ અમદાવાદ તરફ ફુલફાસ્ટ ઝડપે જઈ રહી હતી તે સમયે અચાનક રોડની સાઈડમાં જઈ રહેલ પાગલ યુવક જેની ઉંમર અંદાજે ૨૫ વર્ષ કે જે અચાનક રોડની વચ્ચે આવી જતાં કાર સવારે તેને ટકકર મારી કાર ચાલકે સ્ટીયરીંગ ઉપરથી કાબુ ગુમાવતા કાર હવામાં ઉડીને રોડની સાઈડમાં આવેલ ભારતીય રાષ્ટ્રીય માર્ગ હોર્ડીંગ બોર્ડની સાથે ટકરાઈ હતી અને કારનો કુચડો થઈ ગયો હતો જયારે ટક્કર વાગવાની સાથે જ અજાણ્યા પાગલ યુવકનું ઘટનાસ્થળે મોત થયું હતું અને કારમાં સવાર પાંચને ઈજાઓ થતાં તેમણે ૧૦૮ માં પ્રાંતિજ સામુહિક આરોગ્ય ખાતે ખસેડવામાં આવ્યા હતાં જ્યાં સારવાર મળે તે પહેલાં તારક નરેન્દ્રભાઈ માખીજા ઉ.વર્ષ-૩૦ રહે. અમદાવાદ ઉષ્માનપુરાનું મોત થયું હતું જયારે કારમાં સવાર શ્રેય ભનસાણી ઉ. વર્ષ -૨૨, ભાવિક જયંતિલાલ સલેડીયા ઉ. વર્ષ -૨૦, રવિ જયંતિલાલ સેવાલીયા ઉ.વર્ષ-૨૧ ને પ્રાંતિજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતાં જયારે કેયુર રમેશભાઈ રામાણી ઉ. વર્ષ-૨૧. રહે. નરોડા, અમદાવાદ તેને પણ સામાન્ય ઈજાઓ પહોચી હતી.

જ્યારે અકસ્માત અંગેની જાણ પ્રાંતિજ પોલીસને થતા તાત્કાલિક ઘટના સ્થળે આવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# મેઘરજના છીકારી ગામની કિશોરીનુ ઝાડા ઉલ્ટીથી મોત

મેઘરજ, તા. ૧૭

મેઘરજ તાલુકાના અંતરીયાળ વિસ્તારમાં આવેલ છીકારી ગામના ખરાડી નરેશ વસંતભાઈની ૧૪ વર્ષીય પુત્રી ઉર્વશી જે ધોરણ-૯માં નજીકની એક કન્યા વિદ્યાલયમાં છાત્રાલયમાં રહી અભ્યાસ કરતી હતી. ગત મંગળવારના દિવસે ઉર્વસીની તબીયત બગડતા સ્કૂલ દ્વારા તેના પિતાને જાણ કરી ઉર્વશીને તેના પિતા ઘરે લઈ જઈ જરૂરી સારવાર કરાવાઈ હતી, પરંતુ બુધવારે સાંજે ઉર્વસીને ઝાડા-ઉલ્ટી થઈ જતા ૧૦૮ દ્વારા મેઘરજ સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. ફરજ પરના તબીબ પી.બી. રાઠોડે આ કિશોરીની તપાસ કરી મૃત જાહેર કરી હતી. હોસ્પિટલના ડૉક્ટર દ્વારા ઈસરી પોલીસ સ્ટેશને જાણ કરવામાં આવી હતી. ઈસરી પોલીસે એ.ડી. દાખલ કરી મૃતદેહનું પી.એમ. કરાવ્યું હતું.

# અંદ્રોખા આશ્રમ ખાતે અદાવત રાખી ૧.૫૧ લાખની લૂંટ કરી જતા પાંચ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના અંદ્રોખા આશ્રમ ખાતે રહેતા એક શખ્સ સાથે થયેલા ઝઘડાની અદાવત રાખી ગત તા.૭ જુલાઈના રોજ પાંચ જણાએ તેમના ઘરમાં પ્રવેશી બે જણાને માર મારી ઘરમાંથી રૂા.૨૨,૫૦૦ રોકડ તથા સોનાની ચેઈન અને અન્ય ચીજવસ્તુઓ મળી રૂા.૧.૫૧ લાખની લૂંટ કરી ભાગી ગયાની ફરિયાદ શનિવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

અંદ્રોખા આશ્રમ ખાતે રહેતા છોટાલાલ કેવળચંદ શાહ અને દિપકભાઈ છગનભાઈ પ્રજાપતિ, અર્ચનાબેન દિપકભાઈ પ્રજાપતિ, બાબુભાઈ છગનભાઈ પ્રજાપતિ, બાબુભાઈના પત્નિ તથા છગનભાઈના પત્નિ વચ્ચે અગાઉ થયેલ ઝઘડા અંગે પોલીસ ફરિયાદ કરી હતી. જેથી પાંચેય જણાની પોલીસે અટક કર્યા બાદ જામીન પર મુક્ત કર્યા હતા. જેનું મનદુઃખ રાખી પાંચેય જણા છોટાલાલ શાહના ઘરે આવી દરવાજો ખખડાવી ઘરમાં પ્રવેશી બે જણાને માર મારી તેમની દુકાનમાંથી રૂા.૨૨,૫૦૦ રોકડ તથા કોકીલાબેનના ગળામાંથી સોનાની ચેઈન અને અન્ય સામાન મળી રૂા.૧.૫૧ લાખની લૂંટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી પાંચેય જણા ભાગી ગયા હતા. જે અંગે છોટાલાલ કેવળચંદ શાહે પાંચેય જણા વિરૂદ્ધ શનિવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# પ્રાંતિજમાં હાર્દિક પટેલનું સ્વાગત

પ્રાંતિજ, તા. ૧૭

પ્રાંતિજ ખાતે પાટીદારોને હાર્દિક અહીથી પ્રસાર થવાના સમાચાર મળતાં સવારથી જ પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ત્રણ રસ્તા ઉપર પ્રાંતિજ તથા તાલુકામાંથી પાટીદાર સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં અને જય સરદારના નારા સાથે હાર્દિક પટેલનું સ્વાગત કર્યું હતું.



અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજ ત્રણ રસ્તા ખાતેથી હાર્દિક પટેલને કાઈમ બ્રાન્ચની ગાડીમાં રાજસ્થાન તરફ લઇ જવાના સમાચાર મળતા પ્રાંતિજ તથા તાલુકામાંથી પાટીદાર સમાજના લોકો સવારથી જ પ્રાંતિજ ત્રણ રસ્તા નેશનલ હાઈવે આઠ ઉપર ઉમટી પડયાં હતાં અને જય સરદાર, જય પાટીદારના નારા સાથે ગુંજી ઉઠયું હતું. જયારે હાર્દિક પટેલને કાઈમબ્રાન્ચની ગાડીઓનો કાફલો આવતા જય સરદાર, જય પાટીદારના નારાઓ ગુંજી ઉઠ્યા હતા અને હાર્દિકભાઈ હમ તુમારે સાથે હૈ ના નારા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતુ. જેમાં પ્રાંતિજ તાલુકા પાટીદાર કન્વીનર અનિલભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, અનુજ પટેલ સહિત પાટીદાર મહિલાઓ સહિત પાટીદાર અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# નાના કોટડામાં વીજ કરંટ લાગતા ભેંસનું મોત

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના નાના કોટડા ગામે રહેતા દીપાજી રવાજી ઠાકોર ગત તા.૧૪ જુલાઈના રોજ બે ભેંસો લઈને હવાડામાં પાણી પીવડાવી પરત આવી રહ્યા હતા ત્યારે એક ભેંસને રસ્તામાં આવેલ વીજ ડીપીમાંથી અચાનક કરંટ લાગતા તેનું મોત નિપજયુ હતું. જે અંગે દીપાજી ઠાકોરે શનિવારે ઈડર પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

# નડિયાદના જનસેવક પંકજભાઈ દેસાઈનો જન્મદિન ઉજવાશે

નડિયાદ, તા. ૧૫

નડિયાદના જનસેવક પંકજભાઈ દેસાઈનો તા. ૧૯ જુલાઈના રોજ ૫૫મો જન્મદિન છે. આ પાવન પ્રસંગે સાંજે પાંચ કલાકે પુનરોત્થાન થયેલા ઈપ્કોવાલા હોલનો ઉદ્‌ઘાટન સમારંભ, ભાજપ યુવા મોરચા દ્વારા રક્તતુલા કાર્યક્રમ તથા ગુજરાતી ફિલ્મ અભિનેતા વિક્રમ ઠાકોર અને અભિનેત્રી મમતા સોનીના સાનિધ્યમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# વડતાલમાં ખેડા જિલ્લા ભાજપના પ્રશિક્ષણ વર્ગની પૂર્ણાહૂતિ

## સરકારના સકારાત્મક કાર્યોના પરિણામે જ ગુજરાતમાં શાંતિ : વિજયભાઈ રુપાણી

નડિયાદ, તા.૧૫

વડતાલ ખાતે ત્રણ દિવસથી ખેડા જિલ્લા ભાજપના ચુનંદા ૨૫૦ કાર્યકરોનો પ્રશિક્ષણ વર્ગ યોજાયો હતો. આ પ્રશિક્ષણ વર્ગમાં મંત્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા, પૂર્વ મંત્રી અને ખેડા જિલ્લા પ્રભારી જયસિંહજી ચૌહાણ, પ્રદેશ પ્રવક્તા ભરતભાઈ પંડ્યા, પ્રદેશ મહામંત્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ, મંત્રી રમણલાલ વોરા, પ્રદેશ ઉપપ્રમુખ આઈ.કે.જાડેજા, પ્રદેશ અગ્રણી દુષ્યંતભાઈ પંડ્યા અને પ્રશિક્ષણ વર્ગના કન્વીનર રાજેશભાઈ પટેલ વગેરેએ પોતાના વિવિધ વિષયો પરના વકતવ્યોથી કાર્યકરોને સુદૃઢ સમજ આપી હતી. આજે પૂર્ણાહૂતિ પ્રસંગે પ્રદેશ પ્રમુખ વિજયભાઈ રુપાણીએ ઉપસ્થિત રહીને સૌ કાર્યકરોના મનોબળને મજબુત કરતાં જણાવ્યું હતું કે, સમગ્ર દેશ અને વિશ્વમાં સોશિયલ મિડીયા સૌથી મોટું પ્રચારનું માધ્યમ છે. ત્યારે આ પ્રચાર માધ્યમના ઉપયોગ થકી જ ખેડા જિલ્લામાં દરેક મંડલ પ્રમાણે ગૃપ બનાવીને પક્ષની વિવિધ યોજનાઓનો પ્રચાર અને પ્રસાર કરીને કેન્દ્ર અને રાજ્ય સરકારની અનેકવિધ લાભવંતી યોજનાઓનો લાભ પ્રજાના ઘર સુધી પહોંચે તે માટેના પ્રયત્નો



કરવા સૌને કટિબદ્ધ થવા હાકલ કરી હતી. સાથે સાથે વક્તાઓની તાલીમશિબિરો યોજવી અને કેન્દ્રની તથા રાજ્યની મહત્વની યોજનાઓને સમજાવવાની કળાઓ પણ શિખવી જોઈએ. દરેક કાર્યકર પૂર્ણકાલિન કાર્યકર છે અને તેનો શ્રેષ્ઠ સમય વધુને વધુ પક્ષ માટે આપે તો સંગઠનની સત્તા સર્વોપરી બની જશે. પાર્ટીને પરિવારના સ્વરુપમાં જોવા માટે પણ તેઓએ અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ અને સાંસદ દેવુસિંહ ચૌહાણે સમગ્ર કાર્યકરોને ત્રણ દિવસ સુધી મળેલી શિખને સુપેરે પાર પાડવા માટેનો અભિગમ અપનાવવા જણાવ્યું હતું સાથે સાથે પોતાના પરિવાર અને સમયનો ત્યાગ કરીને અત્રે ઉપસ્થિત રહેલા દરેક સન્નિષ્ઠ કાર્યકરોનો તેઓએ આભાર માન્યો હતો. સમગ્ર શિબિરને સાર્થક બનાવવા માટે મહામંત્રીઓ અર્જુનસિંહ ચૌહાણ, ગોપાલભાઈ શાહ, દિપકભાઈ પટેલ, માતરના ધારાસભ્ય કેસરીસિંહ સોલંકી, જિલ્લા પંચાયત પ્રમુખ જયંતિભાઈ સોઢા, ઉપપ્રમુખ કનુભાઈ ડાભી, પૂર્વ મંત્રી બિમલભાઈ શાહ, પૂર્વ ધારાસભ્ય રાકેશભાઈ રાવ, ઉપપ્રમુખ ચંદ્રેશભાઈ પટેલ, દશરથભાઈ પટેલ (વકીલ) સહિત સૌ ભાજપના અગ્રણીઓ-કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ધામડી પાટીયા પાસે જીપે ટક્કર મારતા ગર્ભવતી નીલ ગાય અને બચ્ચાનું મોત

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જીલ્લાના વડાલી-ખેડબ્રહ્મા રોડ પર આવેલ ધામડી પાટીયા પાસેથી રવિવારે સવારે પસાર થઈ રહેલી એક જીપની ટક્કરથી ગર્ભવતી નીલગાય અને તેના બચ્ચાનું ગંભીર ઈજાને કારણે મોત નિપજયુ હતું. તેમજ અકસ્માતને કારણે જીપમાં જઈ રહેલ બે મુસાફરોને પણ ઈજા થતાં સારવાર માટે ખસેડાયા હતા.

રવિવારે સવારે ધામડી પાટીયા પાસેથી પસાર થઈ રહેલ જીપ નં.આર.જે.૨૨.ટીએ.૩૧૭૪નો ચાલક મુસાફરો ભરીને ખેડબ્રહ્માથી વડાલી આવી રહ્યો હતો ત્યારે ધામડી પાટીયા પાસે રોડ પર અચાનક દોડી આવેલી ગર્ભવતી નીલગાય જીપ સાથે ટકરાઈ હતી. જેના કારણે નીલગાયને ગંભીર ઈજા થતાં તેનું તથા ગર્ભસ્થ બચ્ચાનું મોત નિપજયુ હતું. તેમજ જીપ પણ રોડની સાઈડમાં ઉતરી ગઈ હતી. જેના કારણે રાજસ્થાનના તખતગઢના બાલુગીરી મહારાજ (ઉ.વ.૫૦) અને વજુબેન વાલાભાઈ સુથારને ઈજા થતાં તેમને ૧૦૮ દ્વારા સારવાર માટે વડાલી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લવાયા હતા. જયાં ફરજ પરના તબીબ નીતાબેન દેસાઈએ પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હિંમતનગર ખસેડાયા હતા.

# મોડાસા લાયન્સ કલબનો શપથવિધિ સમારોહ યોજાયો

મોડાસા, તા. ૧૭

સમગ્ર દુનિયા અને ભારતદેશમાં સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસર રહેતી અને જરૂરીયાતમંદ વાળા બાળકો અને લોકોના દુઃખમાં સહભાગી થવા તેમજ કુદરતી આફતમાં સતત સેવા માટે અગ્રેસર રહેતી જાણીતી લાયન્સ



ક્લબની મોડાસા શાખાની શપથવિધિ સમારોહની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી.

મોડાસા શહેરમાં સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતી લાયન્સ ક્લબ ઓફ મોડાસાનો શપથવિધિ સમારોહ રવિવારે લેઉવા પાટીદાર સમાજવાડી બાયપાસ રોડ ખાતે યોજાયો હતો. જેમાં લાયન્સ વર્ષ ૨૦૧૬-૧૭ના 'ટુ ગેધર વી સર્વે'ના સૂત્ર હેઠળ લાયન્સ કલબના હોદ્દેદારોએ શપથ લીધા હતા. લાયન્સ કલબના પાસ્ટ ડિસ્ટ્રીક ગર્વનર લાયન ડૉ. પ્રવિણકાન્ત દવેએ નવી ટીમના લાયન્સ પ્રમુખ મનુભાઈ વી. પટેલ, લાયોનેસ પ્રમુખ અન્નપુર્ણાબેન ડી. પંડ્યા અને લીયો પ્રમુખ કેતુ એમ. શાહને શપથ લેવડાવ્યા હતા. પાસ્ટ ડીસ્ટ્રીક ડૉ. કૃષ્ણકાંત દવેએ મલ્ટીમીડીયા પ્રોજેક્ટર સાથે શપથ ગ્રહણ કરનાર તમામ હોદ્દેદારોનો પોતાની જવાબદારી સમજાવી વિવિધ દોહા સંગીત અને ફિલ્મીસોંગ સાથે સરખામણી દ્વારા શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે ડી.સી. કલબ એડસ્ટેશના લાયન્ કમલેશભાઈ પટેલ, એન્ટેનીયલ કલબ કો. ઓર્ડીનેટર લાયન પ્રવિણ પરમાર હાજર રહ્યા હતા. મોડાસા લાયન્સ કલબના મંત્રી તરીકે ભાવેશ જયસ્વાલ (ગોકુલ ટ્રાવેલ્સ) સહમંત્રી જય અમીન (જય મેડીકલ સ્ટોર્સ),

● અનુસંધાન પાના - ૭ પર